# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

- તા.૧૪-૩-૨૦૧૭ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ અને એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રાના સંયુક્ત ઉપક્રમે શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ વ્યાખ્યાનમાળા અંતર્ગત કે. એસ. કે. વી. કચ્છ યુનિવર્સિટી, ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ ડૉ. દર્શના ધોળકિયાએ 'ધીરેન્દ્ર મહેતાની વિવેચક પ્રતિભા' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં એસ.ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશનના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના આચાર્ય ડૉ. એલ. વી. ફફલે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે રવીન્દ્ર ભવન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત કવિવર રવીન્દ્રનાથ ટાગોરના ૧૫૬મા જન્મ દિવસે તા. ૯મીમે ૨૦૧૭ના રોજ ગુજરાત વિશ્વકોશભવન ખાતે એક વિશિષ્ટ કાર્યક્રમ 'અંતિમ વસંત'નું નાટ્યાત્મક પઠન સર્વશ્રી નિસર્ગ ત્રિવેદી, આરતી પટેલ, નૈષધ પુરાણી, નંદિશ વગેરેએ કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'પાક્ષિકી' અંતર્ગત તા.૪-૫-૨૦૧૭ના રોજ શ્રી કિરીટ દૂધાતે મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.
- તા.૧૮-૫-૨૦૧૭ના રોજ 'પાક્ષિકી' અંતર્ગત શ્રી રામ સોલંકીએ 'પાણી' વાર્તાનું પઠન કર્યું હતું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૭-૫-૨૦૧૭ના રોજ સાંજે ૫.૩૦ વાગે વિદેહ થયેલા સાહિત્યકાર શ્રી નલિન પંડ્યાને શોકાંજલિ આપવા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સાહિત્યવૃત્ત

જાણીતા પક્ષીવિદ્ તથા વન્યપ્રાણી ક્ષેત્રે પાયાનું પ્રદાન કરનાર રાઓલશ્રી ધર્મકુમારસિંહજીના એકસો એકમા જન્મદિવસે તા.૧૪-૪-૨૦૧૭ના રોજ તેમના ચાહકો, પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં મહારાજશ્રી ધમાભાપાને યાદ કરીને એક વિશિષ્ટ કાર્યક્રમ એમ. કે. યુનિવર્સિટી ભાવનગરના ઉપક્રમે શ્રી પ્રવીણ સરવૈયા લિખિત પુસ્તક 'પંખી પરિવાર'નું લોકાર્પણ મ. કુ. શ્રી શિવભદ્રસિંહજી ગોહિલના હસ્તે થયું હતું.

❑